| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૩/૧૦/૨૦૨૨ | | |
| નોંધ્યા તારીખ | ૧૩/૧૦/૨૦૨૨ | | |
| નિર્ણય તારીખ | ૨૯/૦૩/૨૦૨૩ | | |
| મુદત | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૫ | ૧૬ |

મહે. પ્રિન્સીપાલ સીનીયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં, મુકામ–લીંબડી.

રે.દિ.મુ.નં.૨૨૪/૨૨
આંકઃ– ૨૩

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ,
(લીંબડી રૂરલ સબ ડીવીઝન)
હેડ ઓફીસ નવા મવા રોડ, રાજકોટ. ..... વાદી

વિરુધ્ધ.

મનજીભાઈ વાલજીભાઈ અગોલા.
ઉ.વ.૪૦,રહે.શીયાણી,દીલીપસિંહ કાપડવાળાની જુની દુકાનની
બાજુમા તા. લીંબડી, જી.સુરેન્દ્રનગર. ..... પ્રતિવાદી

**બાબતઃ–<u>રૂા.૩૪૪૩૪.૬૭ પૈસા વસુલ લેવાનો ભારતીય વીજ અધિનિયમની કલમ ૧૩૫ મુજબ દાવો.</u>**

વાદી તરફે વકીલ શ્રી :–કે.બી.શાહ
સામાવાળા તરફે કોઈ હાજર નથી.

**–: ચુ કા દો :–**

**(૧)** સદર કામે વાદી કંપનીનાએ કરેલ દાવા અરજીની ટુંકમાં વિગત એવી છે કે, વાદી પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ ઈલેકટ્રીકસીટી સપ્લાય એકટ નીચે નોંધાયેલ છે અને વિજ ગ્રાહકોને વિજ પુરવઠો પુરો પાડે છે. હાલના પ્રતિવાદીના ઘરનુ કનેકશન ચેક કરતા તેઓ વીજ ગ્રાહક ન હોવા છતા ચેકીંગશીટની વિગતે ગેરકાયદેસર રીતે પાવર યુનિટ વપરાશ કરતા પકડાયેલ છે. ચેકીંગશીટ મુજબ વીજ ઉપયોગ કરતા પકડાયેલ છે. પ્રતિવાદીએ બીન અધિકૃત જોડાણ કરી ૧૨૭૦ વોટ પાવરનો બીન અધિકૃત રીતે વિજ ચોરી કરતા હોવાનુ માલુમ પડેલ. ચેકીંગ અધિકારીશ્રીઓએ ચેકીગ શીટ તૈયાર કરેલ અને તેમા આ કામના પ્રતિવાદી હાજર રહેલા. આ કામના પ્રતિવાદીને વાદી કંપની તરફથી બીલની રકમ **<u>૨૯૧૩૩.૭૩</u>** પૈસા તથા ડી.પી.સી.ના રૂ.૫૩૦૦.૯૪ પૈસા મળીને કુલ રૂ.૩૪૪૩૪.૬૭ પૈસા વાદી કંપનીના પ્રતિવાદી પાસેથી લેણા નીકળે છે. જે રકમ પ્રતિવાદીએ વાદીને આપેલ નથી બાદ ચેકીગ અધિકારીઓએ સુ.નગર પોલીસ સ્ટેશનમા વિજચોરીની ફરિયાદ દાખલ કરવા પત્ર લખેલ જેથી પ્રતિવાદી સામે એફ.આઈ.આર. દાખલ થયેલ તેમ છતા પ્રતિવાદીએ પાવર ચોરીની રકમ ભરપાઈ કરેલ નથી તેથી તેઓને રકમ ભરપાઈ કરવા માટે લીગલ નોટીસ રજી.એ.ડી.થી

મોકલવામા આવેલ છે. જેથી સદરહુ રકમ દાવા દાખલ તારીખથી ૧૮% ના ચડતા વ્યાજે વસુલ અપાવવા હાલનો દાવો કરેલ છે. જેથી દાવા અરજીના પેરા–**૦૯** મા માંગ્યા મુજબની દાદથી દાવો કરેલ છે જેમા નિયત કોર્ટ–ફી પ્રોસેસ ભરેલ છે.

**(૨)** સદર દાવો અત્રેની અદાલત સમક્ષ વાદી સંસ્થા સમક્ષ દાખલ કરતાં દાવા રજીસ્ટરે દાખલ કરી પ્રતિવાદીને નોટીસ કાઢેલ છે.

**(૩)** જે નોટીસ બજી જવા છતાં પ્રતિવાદી તરફેથી કોઈ હાજર રહેલ નથી અને આંક–૧ તળેના હુકમ મુજબ સદર કામ પ્રતિવાદીની વિરુધ્ધ એકતરફી ચલાવવાનો હુકમ કરેલ છે. ત્યારબાદ સદર કામે આંક–૦૬ થી મુદા કાઢવામાં આવેલ છે. ત્યારબાદ વાદી તરફે પુરાવામાં આંક–૦૭ થી પ્રતિકભાઈ વલ્લભભાઈ ડઢાણીયા નો સોગંદ પર પુરાવો તથા આંક–૩ ના લીસ્ટથી દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે તથા આંક–૩ થી દસ્તાવેજી પુરાવા આંકે પાડવા અરજી આપેલ છે જે મંજુર કરી આંકે પાડવા હુકમ કરેલ છે જે પુરાવામાં પ્રતિવાદી તરફે કોઈ હાજર ન હોય પ્રતિવાદી નો પુરાવા નો હકક બંધ કરવાનો હુકમ કરેલો છે જેથી ઉલટ તપાસ થયેલ નથી. આંક–**૨૨** થી વાદી પક્ષે પુરાવા બંધની કલોઝીંગ પુરસીસ આપેલ છે.

**(૪)** વાદી તરફે દસ્તાવેજી પુરાવાઓ નીચે મુજબ રજુ થયેલ છે.

| | | |
|---|---|---|
| ૧. | ચેકીંગસીટ (તપાસણી અહેવાલ)–: | આંક–૦૯ |
| ૨. | રોજકામ–: | આંક–૧૦ |
| ૩. | એનેક્ષર–૪–: | આંક–૧૧ |
| ૪. | પીરીયડ ઓફ એસેસમેન્ટ એનેક્ષર–(સી) | આંક–૧૨ |
| ૫. | ૧૩૫ મુજબનુ પાવર ચોરીનુ પુરવણી બીલનો લેટર | આંક–૧૩ |
| ૬. | પુરવણીબીલ | આંક–૧૪ |
| ૭. | વીજચોરીની ફરીયાદ | આંક–૧૫ |
| ૦૮. | પ્રતિવાદી સામે નોંધાયેલ એફ.આઈ.આર. | આંક–૧૬ |
| ૦૯. | લીગલ નોટીસ | આંક–૧૭ |
| ૧૦. | પરત કવર | આંક–૧૮ |
| ૧૧. | ડી.પી.સી.કેલકયુલેશન સીટ | આંક–૧૯ |
| ૧૨. | પર્ફોમા નં.૧૨ | આંક– ૨૦ |
| ૧૩. | સાઈટ વેરીફીકેશન | આંક–૨૧ |

**(૫)** વાદી તરફે પડેલ પુરાવાઓ અન્વયે દલીલો સાંભળવામા આવેલ છે. પ્રતિવાદી તરફે કોઈ

હાજર નથી.

**(૬)** આ કામમાં નીચે મુજબના મુદાઓ ઘડવામાં આવેલા છે.

(૧) શું વાદી પુરવાર કરે છે કે, દાવા અરજીમા જણાવલ રકમ વાદીની કાયદેસરની લેણી રકમ પ્રતિવાદી પાસે બાકી પડે છે અને તે પ્રતિવાદીપાસે વસુલ મેળવવા હકકદાર છે

(૨) શું વાદી પુરવાર કરે છે કે, આ કામના પ્રતિવાદી પાસેથી વ્યાજ મેળવવા હકકદાર છે ?

૩) શું વાદી દાવા અરજીમા જણાવ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૪) શું હુકમ અને હુકમનામુ ?

**(૭)** ઉપરોકત મુદ્દાના સદર અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારાત્મક

(૨) અંશતઃ હકારાત્મક

(૩) અંશતઃ હકારાત્મક

(૪) આખરી હુકમ મુજબ.

// **કા ર ણો** //

**મુદ્દા નં. ૧ થી ૩ ::–**

**(૮)** સદર કામે રેકર્ડ પરની સ્થિતિ અન્વયે તમામ મુદ્દાઓની હકિકત અન્યોન્ય સંકળાયેલ હોય સરળતા ખાતર એક સાથે ચર્ચા કરવામાં આવેલ છે.

**(૯)** વાદી તરફેથી આંક–૧ ની દાવા અરજીને પુરવાર કરવા સારૂ આંક–૦૭ થી વાદી સંસ્થાના કર્મચારી ને તપાસવામાં આવેલા છે અને જેઓએ દાવા અરજી તેમજ આંક–**૦૯ થી ૨૧** ના રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓને સમર્થન કરતો સોગંદનામા પર પુરાવો આપેલ છે તેમજ આ વાદી સંસ્થાના કર્મચારીની પ્રતિવાદી તરફે કોઈ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી. જેથી વાદી તરફેથી કરવામાં આવેલ દાવાની વિગતે આ કામના પ્રતિવાદીના ઘરનુ કનેકશન ચેક કરતા તેઓ વીજ ગ્રાહક ન હોવા છતા ચેકીંગશીટની વિગતે ગેરકાયદેસર રીતે પાવર યુનિટ વપરાશ કરતા પકડાયેલ છે. ચેકીંગશીટ મુજબ વીજ ઉપયોગ કરતા પકડાયેલ છે. પ્રતિવાદીએ બીન અધિકૃત જોડાણ કરી ૧૨૭૦ વોટ પાવરનો બીન અધિકૃત રીતે વિજ ચોરી કરતા હોવાનુ માલુમ પડેલ, ચેકીંગ અધિકારીશ્રીઓએ ચેકીંગ શીટ તૈયાર કરેલ અને તેમા આ કામના પ્રતિવાદી હાજર રહેલા, આ કામના પ્રતિવાદીને વાદી કંપની તરફથી બીલની રકમ **૨૯૧૩૩.૭૩** પૈસા તથા ડી.પી.સી.ના રૂ.૫૩૦૦.૯૪ પૈસા મળીને કુલ રૂ.૩૪૪૩૪.૬૭ પૈસા વાદી કંપનીના પ્રતિવાદી પાસેથી લેણા નીકળે છે. જે હકિકતને આ કામના પ્રતિવાદી ઘ્વારા પડકારવામા આવેલ ન હોય, તે હકિકતે વાદી સંસ્થાનો

પુરાવો નહી માનવાને આ અદાલતને કોઈ કારણ નથી. અત્રે એ હકીકત નોંધવી આવશ્યક છે કે વાદી તરફે રજુ પુરાવો ધ્યાને લેતા હાલના પ્રતિવાદી ધ્વારા વિજ પુરવઠાનુ કોઈપણ પ્રકારના હકક વિના બીનઅધિકૃત ઉપયોગ કરેલ હોવાનુ અને જે બીનઅધિકૃત ઉપયોગથી વાદી સંસ્થાને ગેરકાયદે નુકશાન થયેલ હોવાનુ ફલીત થાય છે. વાદી સંસ્થા ધ્વારા રજુ કરવામા આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાને પ્રતિવાદી ધ્વારા પ્લીડીગ્સના માધ્યમથી કે ઉલટતપાસના માધ્યમથી સદરહું પુરાવાને ખંડન કરેલ નથી. વધુમા પ્રતિવાદી ધ્વારા વાદી સસ્થા ધ્વારા રજુ પુરાવાના અનઅસ્તિત્વ બાબતે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો તેઓના પુરાવાના તબકકે પણ રજુ કરેલ નથી. આમ વાદી ધ્વારા રજુ કરવામા આવેલ તેમના પ્લીડીગ્સના સમર્થનકારક મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો એ અખંડીત પુરાવો છે અને જે અખંડીત પુરાવાના માધ્યમથી અત્રેની અદાલતને એ હકીકત માનવાને કારણ છે કે પ્રતિવાદી ધ્વારા અનઅધિકૃત વિજ પુરવઠાનો ઉપયોગ કરી દાવા અરજીમા જણાવેલ રકમનુ નુકશાન થયેલ હોવાનુ સાબીત થયેલ છે. જેથી ઉપરોકત તમામ ચર્ચાને અંતે વાદી મુદ્દા નં.૧ થી ૩ પુરવાર કરવામાં સફળ થયેલ હોય તેઓની તરફેણમાં મુદ્દા નં.૧ નો જવાબ હકારાત્મક તથા મુદ્દા નં.૨,૩ નો જવાબ અંશતઃ હકારમા ઠરાવવામાં આવે છે.

**(૧૦) મુદ્દા નં.૪ ::–**

ઉપરોકત તમામ મુદ્દાઓની કરેલ ચર્ચા અન્વયે વાદી સંસ્થા પ્રતિવાદી પાસેથી દાવાની રકમ મેળવવા હકકદાર ઠરે છે જેથી પ્રતિવાદીની જાતવહ મિલ્કતથી વસુલ મેળવવાનું હુકમનામુ કરવા પાત્ર આ કેસ જણાય છે જેથી છેવટનો હુકમ સબબ મુદ્દા નં. ૩ સંબંધેનો નીચે મુજબ કરવામાં આવે છે.

**–// હુ ક મ //–**

૧. વાદીનો દાવો અંશતઃ મંજુર કરવામાં આવે છે.

૨. વાદી સંસ્થાનાએ **રૂા.૩૪૪૩૪.૬૭** પૈસા જે પ્રતિવાદીની જાત તથા હરેક પ્રકારની મિલ્કતથી વસુલ મેળવવા હકકદાર ઠરાવવામાં આવે છે અને જે રકમ દાવા તારીખથી વસુલ થતા સુધી ૯ % પ્રમાણે વ્યાજ સહિત વસુલ મેળવવા પ્રતિવાદી વિરૂઘ્ધ ઠરાવવામાં આવે છે.

૩. દાવાનો ખર્ચ પક્ષકારોએ પોત પોતાનો જાતે ભોગવવો.

૪. હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

**હુકમ આજ રોજ તા.૨૯ મી માહે માર્ચ સને ૨૦૨૩ ના રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.**

લીબડી,
તા.૨૯/૦૩/૨૦૨૩

(**એમ.આઈ.એન.શેખ**)
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,
લીબડી.No. GJ01327